ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી, ફર્નીચરતથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર (Offline)

ટેન્ડરની શરતો

1. ટેન્ડર ફોર્મ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ www.gujaratuniversity.ac.inપરથી ડાઉનલોડ કરી શકાશે.
2. ટેન્ડર ફોર્મની કિંમત રૂ. 2,000/- અંકે રૂપિયા બે હજાર છે. જે પરત ન આપવાની શરતે "The Registrar Gujarat University" અમદાવાદના નામ નો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ટેન્ડર ફી ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
3. અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ. 50,000/- અંકે રૂપિયા પચાસ હજાર છે જે અંગેનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. EMD ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
4. ભરેલ ટેન્ડર જમા કરવાની છેલ્લી તા.-22/06/2026 સમય સાંજે 17.00વાગ્યા સુધીમાં યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 38 માં સ્વીકારવામાં આવશે મોડા આવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.
5. ટેન્ડર સીલ કરી આપવાના રહેશે. સીલ કર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે. ટેન્ડરના કવર ઉપર "ગુજરાત યુનિવર્સિટીનીજુની સાધનસામગ્રી, ફર્નીચર, તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેના ભાવ" એમ સ્પષ્ટ મોટા અક્ષરે લખવાનું રહેશે.
6. ટેન્ડર ખોલવાની તારીખ- 23/06/2026 સમય 12.30 વાગ્યાનોરહેશે.
7. ઓફરમાં મુકેલ માલસામાન બીજો અને ચોથો શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસ સિવાય સવારે 10.30 થી સાંજે 5.30 સુધીમાં જોવા મળશે. તેમજ આ અંગે યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 1 એસ્ટેટ વિભાગ ફોન નં. 26301333અથવા Workshop માઇક્રોબાયોલોજીની સામે, ફોન નં. 26303252 પર સંપર્ક કરવો.

8. માલસામાનના નિરિક્ષણ બાદ ભાવપત્રકમાં તમામ સાધનસામગ્રીનો ભાવ Lotમુજબ ભરવાનો રહેશે. આંશિક લોટની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
9. માલસામાન જ્યા છે ત્યા અને તે સ્થિતિમાં જ આપવામાં આવશે.
10. જે તે લોટમાં જે બિડરના ભાવ H1 હશે (લોટવાઇઝ) તેનું ટેન્ડર સ્વીકારવામાં આવશે.
11. બધા લોટના ભાવ ભરવા ફરજિયાત નથી.
12. માલસામાન ઉપાડવા માટે જરૂરી સાધનો તેમજ લેબર, વાહન તથા તેના ખર્ચ અંગેની જવાબદારી ટેન્ડરરની રહેશે.
13. જે ટેન્ડરરની ઓફર સ્વીકારવામાં આવશે. તેમની અથવા તેઓના જવાબદાર વ્યક્તિની હાજરીમાં તેમજ યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીમાં તેમજ ઓફિસ સમય દરમ્યાન જ માલસામાન લોડ કરીને લઇ જવાનો રહેશે.
14. જે ટેન્ડરરનો ભાવ મંજૂર થાય અને જાણ કરવામાં આવે એટલે કે વર્ક ઓર્ડર મળ્યા બાદ 3 (ત્રણ) દિવસમાં પુરેપુરી રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે. તેમજ જે તે સરકારી કચેરીમાં GST જમા કરાવી તેની રસીદ યુનિ. માં આપવાની રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો ભાવ રદબાતલ ગણવામાં આવશે અને અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.
15. માલસામાનની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવ્યા બાદ તેમજ GST ભર્યા બાદ આઠ (8) દિવસમાં તમામ માલસામાન ટેન્ડરરના ખર્ચે અને જોખમે ઉપાડી લેવાનો રહેશે. એટલે કે ઓર્ડર મળ્યાથી કુલ 11 વર્કિંગ દિવસમાં (વર્ક ઓર્ડર મળ્યા બાદ ત્રણ દિવસ લોટની રકમ તથા GST ભરવા માટે તથા 8 દિવસ માલ સામાન ઉપાડવા માટે) લોટમાં રહેલ તમામ માલ સામાન ઉપાડી લેવાનો રહેશે. જો આ સમય કરતા વધુ સમય થશે તો વિલંબિત દિવસના પ્રતિ દિવસ રૂ. 5000/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા પ્રતિ લોટ મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

16. માલસામાન ઉપાડતી વખતે સંસ્થાની માલમિલ્કતને કોઇપણ પ્રકારનું નુકસાન થશે તો નુકસાની પેટેની રકમ EMDની રકમમાંથી વસુલ કરવામાં આવશે.
17. સરકારી નિયમાનુસાર તમામ ચુકવવાપાત્ર વેરા જે તે સરકારી વિભાગમાં જમા કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.
18. ઉપરોક્ત માલસામાનમાં સ્માવિષ્ટ ચીજવસ્તુઓમાં Toxic Substances હોય તો તેવી ચીજવસ્તુઓના આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ, સરકાર માન્ય એજન્સી દ્વારા સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાનો રહેશે તેમજ તે અંગેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે. તેમજ આ અંગે બાહેધરી પત્ર આપવાનો રહેશે.
19. માલસામાન સંપૂર્ણપણે ઉપાડ્યા બાદ તે સ્થળે રહેલ કચરાની સફાઇ ટેન્ડરરે કરાવવાની રહેશે ત્યારબાદ જ તેઓની ડિપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
20. કોઇપણ ભાવ કે તમામ ભાવ મંજૂર કરવાના કે રદ કરવાના તમામ હક, યુનિવર્સિટીના કુલપતિશ્રીના રહેશે. જેના માટે કોઇપણ પ્રકારના કારણો દર્શાવવામાં આવશે નહી.
21. જો ટેન્ડર ભરવા ઇચ્છતા હોય તેઓશ્રીએ સીલબંધ કવરમાં ટેન્ડર ફી, EMD નો ડ્રાફ્ટ, ભાવપત્રક, ટેન્ડરની શરતો સ્વીકાર્ય છે તેમજ બાંહેધરી પત્રમાં સહી સિક્કા સાથેના ડોક્યુમેન્ટ અને તેઓનો ધંધો પ્રોપરાઇટર, પાર્ટનરશીપ છે કે કંપની છે તેનો આધાર પુરાવો અને ધંધાના સ્થળનું સરનામું આપવાનું રહેશે.
22. ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે સમજ્યો છું અને તે મને માન્ય છે. તેવી હું બાહેધરી આપું છું.

ટેન્ડરરની સહી:- .....

સિક્કો:- .....

મોબાઇલ નંબર:- .....

નામ:- .....

સરનામું:- .....

આ સાથે સામેલ તમામ શરતોને માન્ય રાખીને આપની સંસ્થા ખાતે રહેલ વેચાણમાં મુકેલ જુની સાધનસામગ્રી, ફર્નીચર, તથા અન્ય બિનઉપયોગી માલસામાન જેમ છે તે હાલતમાં મેળવવા માટેના મારા ઓફર ભાવ નીચે મુજબ છે જે ધ્યાને લેવા વિનંતી છે.

Lot No.	Sub.Lot No.	Lot માં રહેલ સાધન સામગ્રી	Lot નું લોકેશન	હયાત જથ્થા મુજબની કુલ કિંમત રૂ.
1	1.1	લોખંડ,લાકડું,ચેર,બેન્ચ વગેરે જૂની સાધન સામગ્રી	વર્કશોપ વિભાગ પાસે પાર્કિંગ માં	
	1.2	ઇન્સ્ટ્રુમેન્ટ,AC,ફેન,લાઈટ વગેરે	વર્કશોપ વિભાગમાં GF પર	
	1.3	ઇલેક્ટ્રિક પેનલ - 3 નંગ	વર્કશોપ વિભાગ પાછળ	
2	2	AC plant ના ઇનડોર યુનિટ 4 નંગ AC plant ના આઉટ ડોર	NRS હોલ માં ગ્રાઉન્ડ ફલોર પર	

		યુનિટ 8 નંગ		

ટેન્ડરરની સહી:- .....

સિક્કો:- .....

1. ટેન્ડરફી રૂ. 2,000/- DD No. ……. Date ……

2.EMD રૂ. 50,000/- DD No. ……. Date ……

<u>બાહેંધરી પત્ર</u>

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ-૩૮૦ ૦૦૯.

મા. સાહેબશ્રી,

ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રીના નિકાલ અંગેના માલસામાનમાં સ્માવિષ્ટજે ચીજવસ્તુઓમાં Toxic Substances હોય તો, તેવી ચીજવસ્તુઓના આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો

મુજબ, સરકાર માન્ય એજન્સી દ્વારા સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાની હું બાહેંધરી આપું છું. અને આ બાબતે કસુર થાય તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે.

ટેન્ડરરની સહી:- .....

સિક્કો:- .....

મોબાઇલ નંબર:- .....

નામ:- .....

સરનામું:- .....